**ભારતીય રિઝર્વ બૈંક**
RESERVE BANK OF INDIA
www.rbi.org.in


**સર્વાધિકાર**
આ પુસ્તિકા સ્ત્રોતની જાણકારી આપીને પુનર્મુદ્રિત કરી શકાય છે.

**દાવાનો અસ્વીકાર**
ભારતીય રિઝર્વ બેંકનો નાણાકીય શિક્ષણ પ્રયાસ, સામાન્ય માણસને સામાન્ય જાણકારી અને માર્ગદર્શન આપવા માટે છે.
આ જાણકારીનો ઉપયોગ કરનાર વ્યક્તિ આ જાણકારીનો ઉપયોગ કરતી વખતે જાતે જ સાવચેતી રાખે અને નિર્ણય લે.

November 2007

# મની કુમાર

## અને નાણાકીય નીતિ



**નાણાકીય શિક્ષણ શ્રેણી**

**ભારતીય રિઝર્વ બૈંક**
RESERVE BANK OF INDIA
www.rbi.org.in




## ચાલો, નાણાકીય નીતિ વિશે શિખીએ.

મારું કામ ઘણું સરસ છે. પરંતુ લોકો મારા કામ વિશે વધારે કંઇ જાણતા નથી. મોટા ભાગના લોકો આરબીઆઇ, એક સરકારી સંગઠન છે અને તેમને એની સાથે કંઇ લેવાદેવા નથી એવું વિચારે છે. પરંતુ એવું નથી. હું આરબીઆઇમાં જે કંઇ પણ કામ કરું છું એની અસર સમગ્ર દેશ પર થાય છે. ગરીબ ખેડૂતથી લઇને સમૃદ્ધ વેપારી સુધી. તમે ધારો છો એમ જ ઘણી જવાબદારીઓ સાથેનું આ એક અતિ રસપ્રદ કામ છે. જો તમારે વધારે જાણવું હોય તો આરામથી બેસો, વાંચો અને આનંદ લો.



## આરબીઆઇની હકીકત!


રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૪ મુજબ ૧ એપ્રિલ, ૧૯૩૫ના રોજ ભારતીય રિઝર્વ બેંકની સ્થાપના કરવામાં આવી હતી. શરૂઆતમાં તેનું કેન્દ્રીય કાર્યાલય કોલકાતામાં હતું પરંતુ ૧૯૩૭માં તે કાયમ માટે મુંબઇમાં ખસેડાયું. મૂળ તો રિઝર્વ બેંક ખાનગી માલિકીની હતી પરંતુ ૧૯૪૯માં તેનું રાષ્ટ્રીયકરણ થયું ત્યારથી એની સંપૂર્ણ માલિકી ભારત સરકારની છે.


વર્ગમાં વિદ્યાર્થીઓ સમજવા માટે સખત મહેનત કરે છે.
અર્થશાસ્ત્ર
• નાણાકીય નીતિ
• કિંમતમાં વધઘટ
• ફેમા
• આર્થિક સ્થિરતા
મારી પાસે તમારા માટે એક નવાઈ છે. ચાલો આવકારીએ મની કુમાર ને.
પધારો, મની કુમાર ! મેં તમને મારા વર્ગને નાણાકીય નીતિ અંગે ખુલાસો કરવા બોલાવ્યાં છે.
કેમ છો બધા ?
મેં એમને નાણાકીય નિતી નાડ઼ મુળ ઉદ્દેશો જણાવ્યા ફુગાવો નિયંત્રણ, વૃદ્ધિને પ્રોત્સાહન અને નાણાકીય સ્થિરતા.
આ બધું અત્યંત જટિલ છે. આપણી પાસે બધા માટે પુરતા પૈસા કેમ નથી જેથી બધું બહુ સરસ રહે.
કેમ નહિ ?
એમાં તમને શો વાંધો છે ?
અરે નહિ, કદાપિ નહિ !
વારૂ, તમને લાગે છે કે આપણી પાસે પૂરતા પૈસા હોય તો બધું બરાબર રહેશે ?


તો ચાલો, આપણે બધા પ્રવાસે જઇએ
એ હવામાં હાથ ફેરવે છે અને તેઓ એક નવા વિશ્વમાં પહોંચે છે
GAME
THEATER
એક એવા વિશ્વમા તમારું સ્વાગત છે જયાં બધે જ પૈસા છે. તમને જેટલા જોઇએ એટલા લો અને એનું જે કરવું હોય એ કરો. તમને કેટલા પૈસા જોઇએ.
૫૦૦ રૂપિયા ! અમને જોઇતું બધું અમે ખરીદીશું.
ભલે
વિદ્યાર્થીઓ પૈસાની મજા માણે છે.


રમત રમવા માટે બાળકો હરોળમાં ઊભા રહે છે. રૂપિયા ૧૦૦ની એક ગેમ, પરવડે એમ છે !
GAMES
રૂા. 100
પરંતુ ધીરે ધીરે, અન્ય ઘણા બાળકો હરોળમાં જોડાય છે.
અને જેમ માંગ વધે છે એમ કિંમત પણ વધે છે...
રૂા. 150
રૂા. 200
રૂા. 300
કેટલાકને હજી પણ પોષાય છે. પરંતુ મોટા ભાગનાને પોષાતુ નથી .
આપણે જે જોઇએ તે ના મળી શકે તો પછી પૈસા હોવાનો શું ફાયદો ?
હા, પરંતુ આ લોકો વધારે કમ્પ્યૂટર કેન રાખતા નથી જેથી આપણે બધા રમી શકીએ ?


પરંતુ જગ્યાનું શું ? અહીં આપણને જ ઊભા રહેવા માટે પૂરતી જગ્યા નથી. તો વધારાના કમ્પ્યૂટર તેઓ કયાં રાખશે ?
મની કુમાર
મની કુમાર
મની કુમાર
આપણી પાસે પૂરતા પૈસા હોવાં છતાં આપણે જે કરવું છે એ આપણા થી થતું નથી ? પુરતી વસ્તુઓ કેમ ઉપલબ્ધ નથી.
ઝબકારા સાથે મની કુમાર આવે છે
એવું જ થાય જયારે ભરપૂર પૈસા હોય પરંતુ ચીજ–વસ્તુ ઓછી હોય. આને ફુગાવો કહેવાય.
ફુગાવો ?
જયારે અત્યંત ઓછી ચીજવસ્તુઓ માટે ઘણાં પૈસા હોય ત્યારે ચીજવસ્તુ ઓની કિંમતો વધે છે. એ છે ફુગાવો. એનાથી બધાને હાનિ થાય છે પરંતુ ગરીબોને વધારે હાનિ થાય છે.
એવું શા માટે ?
કારણ કે ગરીબ લોકો સંરક્ષિત નથી તેઓના જીવનનિર્વાહ માટે તેઓ દરરોજ કમાય છે અને વરસાદના દિવસો માટે પર્યાપ્ત પૈસા બચાવી શકતા નથી .
આ વિશે તમે કંઇ ન કરી શકો ?
ચોક્કસ વળી, હું કરી શકું. આવો હું તમને કંઇક બતાવું



તે આરબીઆઇ હેડક્વૉટર્સ ખાતેના કન્ટ્રોલ રૂમમાં તેઓને લઇ જાય છે.
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
અમે આરબીઆઇ ખાતે આ કરીએ છીએ
જેમ એ વ્યાજના દર વધારે છે
INTEREST RATE
...જેમ વ્યાજના દર વધે છે તેમ સ્ક્રીન પર બેંકમાંથી બજારમાં જતા પૈસાનો પ્રવાહ ધીમો થાય છે અને બેંક પાસેથી ઉધાર લેવાનું લોકો ઓછું કરે છે.
પછી એ અન્ય સ્લાઇડર ઍડજસ્ટ (સરખું) કરે છે જેથી બજારમાંથી વધારાનાં પૈસા એના મશીનમાં પાછા ખેંચાઇ આવે.
LIQUIDITY
હવે સ્ક્રીન પર વીડિયો–ગેમ પાર્લર દેખાય છે. વીડિયો ગેમ સુવિધા માટેની લાઇન ધીરે–ધીરે નીચે આવે છે અને ટિકિટની કિંમત પણ નીચે આવે છે.
રૂા. 100
કિંમતને વધતી આરબીઆઇ સંપૂર્ણપણે રોકી શકતી નથી. પરંતુ એટલી ખાતરી આપી શકે છે કે કિંમત ઝડપથી વધશે અથવા ઘટે નહિ. અને આમ લોકોને એડજસ્ટ થવાનો અને તેઓના ભવિષ્યની સંભાળ લેવા પૂરતી બચત કરવા પૂરતો સમય મળી રહે છે.



લોકો પાસે ઉપલબ્ધ પૈસા નિયંત્રિત કરીને એ કિંમતોની સ્થિરતા જાળવે છે. વધુ પૈસા આપીને અથવા બેંક પાસેથી વધારાના (ફાજલ) પૈસા લઇને એ પૈસા પર નિયંત્રણ કરી શકે છે.
એ પૈસાની કિંમત, એટલેકે વ્યાજ દરને વધારી અથવા ઘટાડી પણ શકે છે જેથી ખર્ચ માટે લોકો પાસે ઉપલબ્ધ પૈસા નિયંત્રિત કરી શકાય છે.
શું આ હજી પણ જટિલ લાગે છે ?
ના મની કુમાર. હવે અમને કિંમતની સ્થિરતા સમજાઇ ગઇ.
ફરી પાછા વર્ગમાં
અમર્યાદિત નાણાંથી તમે શું મેળવ્યું ?
અમર્યાદિત તકલીફો
...અને બધા ખડખડાટ હસી પડે છે !!!


તો તમે કિંમતની સ્થિરતા જાળવી શકો છો
હા! અને આમ કરીને રાષ્ટ્રની વૃદ્ધિની ગતિ સ્થિર છે એની હું ખાતરી કરું છું.
સ્થિર ગતિ ? શા માટે ? જો ભારત કૂદકે ને ભૂસકે વૃદ્ધિ કરી રહ્યું હોય તો તમને શું વાંધો હોય ?
મને કોઇ વાંધો નથી. પરંતુ વૃદ્ધિ સ્થિર ગતિએ ન હોય તો એના ગંભીર પરિણામો આવી શકે.
એ કઇ રીતે ?
તમારે જોવું છે..?
એ એનો હાથ હવામાં ફેરવે છે અને તેઓ નવા વિશ્વમાં જઇ ચડે છે
આ વિશ્વમાં પ્રવેશો અને અહીં તમે કર્તાહર્તા છો. જો કોઇ તકલીફ હોય તો મને બોલાવજો.
આરબીઆઇના કન્ટ્રોલ રૂમમાં વધારે વૃદ્ધિને પ્રોત્સાહન આપો.
ચાલો, આપણે વધારે વૃદ્ધિને પ્રોત્સાહન આપીએ. બધી કંપનીઓને કહો કે ઉત્પાદન વધારે જેથી બધા લોકોની આવક વધે.


તેઓ બટન દબાવે છે અને પડદા પર કૉર્પોરેટ ક્ષેત્રની અગ્રણી વ્યક્તિઓ દેખાય છે.
સાંભળો, બધા સાંભળો ! આપણા દેશમાં આપણે વૃદ્ધિ નો દર વધારવાનો છે. તેથી મહેરબાની કરી તમારું ઉત્પાદન વધારવાનો પ્રયત્ન કરો.
પરંતુ એ માટે અમને વધારે સાધનોની જરૂર છે
તમને જેટલા જોઇએ એટલા સાધનોના ખોખાં લો
તેઓની સૂચના મુજબ કર્મચારીઓ, તેઓને જેટલા જોઇએ એટલાં સાધનોનાં ખોખાં લઇ આવે છે.
વધારે સાધનો દ્વારા ફેક્ટરીઓ ચીજ-વસ્તુ ઓનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કરે છે.
દુકાનો ચીજ-વસ્તુઓથી ભરપુર છે અને ખરીદવા માટે લોકો પાસે પુષ્કળ નાણાં છે.


આકાશને આંબતી વૃધ્ધિ !
રોજગારનો ઉચ્ચ દર !
જેવા વિદ્યાર્થીઓ તેઓની સફળતાની ઉજવણી કરે છે...
... કે ઘંટડી વાગવાથી ખલેલ પડે છે. શું છે એ જોવા માટે તેઓ મુખ્ય પડદા તરફ ફરે છે.
સાધનો સીમા સુધી પહોંચ્યા છે, ઉત્પાદન હવે વધી શકે તેમ નથી.
વધારે રોજગારનો અર્થ છે વધારે ખર્ચ. અને ઉચ્ચતર માંગને લીધે ફુગાવો થયો છે. હવે, બૅગ ભરીને પૈસા હોવા છતાં લોકો ચીજ–વસ્તુ ખરીદી શકતા નથી.
મની કુમારને ચિંતા થવા લાગે છે...
પરંતુ વિદ્યાર્થી તેમને બોલાવે એની એ રાહ જુએ છે.



ચીજ–વસ્તુઓ ન વેચાતા ફૅક્ટરીઓ ઉત્પાદન ઘટાડે છે અને કર્મચારીઓને છૂટા કરે છે.
વધારે બેરોજગારી એટલે ઓછું વેચાણ..
...ફૅક્ટરીઓ બંધ કરવાની ફરજ પડે છે
CLOSE
અર્થતંત્ર મંદીકાળમાં પ્રવેશે છે અને એમાંથી બહાર નીકળતા ઘણો સમય લાગે.
પરિસ્થિતિ વણસતી જાય છે. જે લોકો વસ્તુ ખરીદી નથી શકતા તેઓ તોફાને ચડે છે અને લૂંટફાટ કરે છે.
પરિસ્થિતિ નિયંત્રણની બહાર જતી રહે છે !!!


વિદ્યાર્થીઓ મની કુમારને બોલાવવાનું નક્કી કરે છે.
વૃદ્ધિની પડતી !!
ઉચ્ચ બેરોજગારી !!
મની કુમાર !!
મને ખાતરી છે કે તમે આ વિશે કંઇક કરી શકો છો.
અ,અ,અ.. લાગે છે કે તમે સારી એવી તકલીફ ઊભી કરી છે.
મને ડર છે કે આ પરિસ્થિતિને હું ઝડપથી સુધારી નહિ શકું. અર્થતંત્રને મૂળ સ્થિતિમાં આવતા થોડો સમય લાગશે. પરંતુ એ દરમિયાન જે નુકશાન કરશે... ભગવાનનો આભાર માનો કે આ વાસ્તવિક દુનિયા નથી.
ચાલો, ફરી પાછા વાસ્તવિક દુનિયામાં જઇએ જ્યાં દરેક બાબત પર આરબીઆઇ ઝીણવટપૂર્વક નજર રાખે છે.


મની કુમાર તેઓને ફરીથી વાસ્તવિક દુનિયામાં લાવે છે
તમે જોશો કે આરબીઆઇ ખાતે અમે ઘણાં બધાં કામ કરીએ છીએ. જો તમે અમારી સાથે સીધેસીધો વ્યવહાર ન પણ કરતા હો; પરંતુ અમે હંમેશા તમારી સાથે કામ કરીએ છીએ. હંમેશા !
અમારી નીતિ તમારા જીવનના લગભગ પ્રત્યેક પાસાને અસર કરે છે. ભલે લોકો સામાન્ય રીતે જાણતા નથી. હું આશા રાખું છું કે હવે તમે આરબીઆઈની ભૂમિકા સ્વીકારશો.



હવે હું તમને નાણાકીય નીતિનો ત્રીજો પાયો સમજાવું. નાણાકીય સ્થિરતા.
પરંતુ એ સામાન્ય માણસને કામનું નથી મને ખાતરી છે કે એ એટલું અગત્યનું નથી.
મની કુમાર, તમે જ સમજાવોને !
હંઅઅઅ.... તો તમારે પિકનિક પર જવું છે, ખરુંને !
સારું, તમે પિકનિક પર જાઓ અને મને પણ રજા પર જવા દો
સરસ !
વાહ !
ચોક્કસ! તમે રજા પર હો એવું વિશ્વ પણ જોઈ લઈએ.
મની કુમાર તેઓને બૅગ ભરીને પૈસા આપે છે અને તેઓને અન્ય વિશ્વમાં લઇ જાય છે.


બૅગ ભરીને પૈસા સાથે રાહુલ, ટીના અને અરુણ તેઓની સપનાની દુનિયામાં ખુશ છે
RS
RS
RS
આ ખૂબ જ ભારે છે. મને લાગે છે કે હું બેંકમાં મૂકી આવું
RS.
DEP
RS
અને ટીના એના પૈસા બેંકમાં જમા કરાવે છે
આ દરમિયાન રાહુલ સરસ મજાનું મોપેડ જુએ છે.
એને એ ખરીદવું છે પરંતુ પૈસા ઓછા પડે છે
તેથી એ બેંકમાં જાય છે
DEPO
મારે મોપેડ માટે થોડાં પૈસા ઉધાર જોઇએ છે.


આ.. લો ! વ્યાજ સાથે પાછા ચુકવજો.
બેંક મૅનેજર ટીનાનાં પૈસા રાહુલને આપે છે..
મોપેડ ખરીદવા માટે એ પૈસાનો ઉપયોગ કરે છે
એક અઠવાડિયા પછી
અરે વાહ ! સરસ મોપેડ છે રાહુલ !
અરે ! તું પણ એક ખરીદી લે
ટીના તેના પૈસા માટે પાછી જાય છે
મારે મારા પૈસા ઉપાડવા છે
પરંતુ તારા પૈસા મેં બીજા કોઇને આપ્યા છે. મારી પાસે જરાય નથી...
અને મની કુમાર, જે આપણને જ્યારે પૈસની તકલીફ હોય ત્યારે સામાન્ય રીતે આપે છે; એ રજા પર છે
ટીના હતાશ થાય છે


અને એ એકલી નથી....
આ બેંકમાં મારી જીવનભરની બધી બચત જમા કરાવી. હવે મને મારાં પૈસા પાછાં નથી મળતાં .
હવે હું મારા બાળકોને કઇ રીતે શિક્ષણ આપી શકીશ ?
જો મારી બચત મને પાછી ન મળે તો હું મારી પત્નીનું ઑપરેશન કઇ રીતે કરાવીશ ?
બેંક મૅનેજરે આપેલી લોન પાછી મેળવવામાં બેંક નિષ્ફળ રહી છે
પૈસા જમા કરાવવા આવેલા લોકો નિરુત્સાહ છે.
શા માટે હું અહીં પૈસા રાખું. કદાચ હું પણ ગુમાવી બેસું.
ટીના નિસ્સહાયતા અનુભવે છે.
એ દરમિયાન...
અરુણ તું પણ એક ખરીદી લે
અરે વાહ ! સરસ મોપેડ છે !



અરુણ લોન માટે બીજી બેંકનો સંપર્ક કરે છે
મૉપેડ ખરીદવા માટે મારે થોડા પૈસા ઉધાર જોઇએ છે !
માફ કરજો ! અમારી પાસે પૈસા નથી. મને અપેક્ષા હતી એ પૈસા મારા દેવાદારો એ હજી સુધી પરત નથી કર્યાં. અને આવા સમયે નાણા પુરા પાડનાર મની કુમાર રજા પર છે.
અરુણ હતાશ થાય છે.
અને એ એકજ એવી વ્યકિત નથી જેને લોન ન મળી.
BANK
મારી દીકરીના લગ્ન હું કઇ રીતે કરું ?
ઘર ખરીદવા માટે મને નાણાંની જરૂર છે. એ હવે હું કઇ રીતે ખરીદું ?
આ બધી ધમાલ દરમિયાન રાહુલ, ટીના અને અરુણ એકબીજાને મળે છે.
આ સમસ્યાનો ઉકેલ ફકત મની કુમાર લાવી શકે છે
મની કુમાર !!!



લાગે છે કે મારી રજાઓના ગંભીર પરિણામો આવ્યા છે.
મનીકુમાર, મને નથી. સમજાતું કે શું થઇ રહ્યું છે. આ બેંકોને શું થયું છે ? તમે આ બાબતમાં કંઇ કરી ન શકો ?
ચોક્કસ હું કરી શકું !
એ તેઓને કન્ટ્રોલ રૂમમાં લઇ જાય છે
એ બટન દબાવે છે અને આરબીઆઇમાંથી પૈસા બેંકમાં જાય છે
RBI BANK
BANK
પછી એ અગત્યના થોડા ફોન કરે છે
?
?
?
મહેરખાની કરી આના પર કામ કરો. જોખમની આકારણી........ વિવેકપૂર્ણ માનદંડ... મૂડી પર્યાપ્તતા... ...બિનકાર્યક્ષમ લોન પાછી મેળવો...


બેંક મૅનેજર હા પાડે છે
અને ધીરે ધીરે, બેંકો ફરીથી સદ્ધર બને છે
BANK OF
ગ્રાહકો બેંકમાં જાય છે. કેટલાક જમા કરાવે છે. બીજા ઉધાર લે છે.
ડિપોઝિટ ઈન્શ્યૉરન્સ (વીમો)
BANK
પછી મની કુમાર બેંકની ઉપર, ડિપોઝિટ વીમો કહેવાતી એક મોટી છત્રી ખોલે છે.


આખરે સ્થિતિ સામાન્ય થાય છે.
તમે જોયું કે જ્યાં સુધી બેંક સુરક્ષિત ન લાગે ત્યાં સુધી લોકો એમનાં પૈસા ત્યાં મૂક્તા નથી. અને જો એવું થાય તો ઉત્પાદન માટે અન્ય લોકોને આપવા માટે બેંક પાસે પૈસા ન હોય. એવું થાય તો વૃદ્ધિ તો એક તરફ રહી, અર્થતંત્ર કેમ ચાલે ? તેથી જ મારે પડદા પાછળ ત્યાં રહેવું પડે છે અને બેંકોની કામગીરી સારી રહે એની ખાતરી કરવી પડે છે.
હા, સમજાયું ! બેંકની સારી કામગીરીની ખાતરી કરીને, જે લોકો પાસે વધારે પૈસા છે તેમની પાસેથી પૈસા લેવા અને જેને જરૂર છે એને પૈસા આપવામાં તમે સહાયતા કરો છો. તેઓ જ્યારે પૈસા પાછા આપે ત્યારે બીજું કોઈ લઈ શકે અને એમ ચાલ્યા જ કરે...
ચોક્કસપણે આ ત્યારે જ શક્ય બને જ્યારે લોકો તેઓનાં પૈસા માટે બેંક પર ભરોસો રાખે. આ તમારી નાણાકીય સ્થિરતા માટે છે.
અરે વાહ ! હવે શું ?